# કોંગ્રેસે ચિલોડા હાઈ-વે પર કર્યો ચક્કાજામ

**ખેડૂત આંદોલનના સમર્થનમાં કોંગ્રેસ કાર્યકરોએ નરોડા - પ્રાંતિયા વચ્ચે ઠેર-ઠેર ટાયર સળગાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. જો કે ટાયર સળગાવવાની ઘટના બનતા થોડા સમય માટે વાતાવરણમાં તંગદિલી સર્જાઈ હતી**









## ઠેર-ઠેર ટાયર સળગાવવાની ઘટના : પોલીસ-કાર્યકરો વચ્ચે શાબ્દિક ઘર્ષણ સર્જાયુ : આંદોલનને પગલે વાહનોની લાંબી લાઈનો થઈ

ગાંધીનગર, તા. ૧૦
ગુજરાત સહિત દેશભરમાં ખેડૂત આંદોલન તેજ બની રહ્યું છે. સરકારથી નારાજ ખેડૂતો પોતાનો પાક જાહેરમાં નાખી દઈ ભારે વિરોધ કરી રહ્યા છે. ખેડૂતોના આ આંદોલનને કોંગ્રેસે પોતાનું ખુલ્લું સમર્થન જાહેર કર્યું છે. ખેડૂતોની સાથે કોંગ્રેસ પણ જાહેર રસ્તાઓ પણ ઉતરી આવી સરકારનો જોરદાર વિરોધ કરી રહી છે. આ ખેડૂત આંદોલનના સમર્થનમાં આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખની આગેવાનીમાં કોંગ્રેસ કાર્યકરોએ ચિલોડા સર્કલ નજીક સવારે ૧૦ કલાકે રસ્તા રોકી હાઈવે પર ભારે ચક્કાજામ કર્યું હતું. ચક્કાજામ સર્જાતા ચિલોડા સર્કલની ચારે તરફના માર્ગો પર પાંચ-પાંચ કિ.મી. લાંબી વાહનોની લાઈન થઈ ગઈ હતી. ચક્કાજામ અને ટાયરો સળગાવવાની ઘટના બનતા પોલીસને પરસેવો છૂટી ગયો હતો. થોડા સમય બાદ પોલીસે મહામહેનતે હાઈ-વે ખુલ્લો કરાવ્યો હતો.

**આ રસ્તા રોકો આંદોલન દરમિયાન ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષ કાળુસિંહ રાઠોડ અચાનક જ ગુમ થઈ જતા કાર્યકરો ચિંતામાં મુકાઈ ગયા હતા અને ચારે તરફ શોધખોળ શરૂ કરી મુકી હતી**

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત સહિત સમગ્ર દેશમાં ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. ખેડૂતોના હિત અને રક્ષણ માટે કોંગ્રેસ પણ ખેડૂતોના પડખે આવી આંદોલનને સમર્થન આપી રહી છે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહિતના કાર્યકરો આજે ચિલોડા સર્કલ પહોંચી માર્ગ પર વચ્ચે ઊભા રહીને ચક્કાજામ કર્યા હતા. કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ પોતાની કાર સર્કલ પાસે રોંગ સાઈડમાં વચ્ચોવચ ઊભી કરી દીધી હતી. જયારે અન્ય કાર્યકરોએ ચિલોડા સર્કલથી હિંમતનગર, દહેગામ,

**પ્રદર્શન અને ચક્કાજામને પગલે પાંચ-પાંચ કિ.મી. લાંબી વાહનોની લાઈનો થતાં કલાકો સુધી વાહનચાલકો અટવાયા અને ગરમીમાં શેકાયા**

ગાંધીનગર અને નરોડા તરફ જતા રસ્તાઓ બંધ કરી નાખ્યા હતા. બીજી તરફ કેટલાક કોંગ્રેસ કાર્યકરોએ પ્રાંતિયા-નરોડા માર્ગ પર ઠેર-ઠેર ટાયર સળગાવી દેતા માહોલમાં ભારે ગરમાવો આવી ગયો હતો. આમ ચક્કાજામની પરિસ્થિતિ સર્જાતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. પોલીસે આ સમગ્ર ઘટનામાં પોલીસ કાર્યવાહીમાં અડચણ પેદા કરવા માટે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષ કાળુસિંહ રાઠોડ સામે આઈપીસીની કલમ ૨૮૩ અને ૧૮૬ મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત કોંગ્રેસ આગેવાનોની અટકાયત કરાઈ હતી. જેની તપાસ પી.એસ.આઈ. દામા ચલાવી રહ્યા છે.

## બે દીકરીઓ સાથે માતાએ રાયપુર કેનાલમાં ઝંપલાવ્યુ

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર નજીક રાયપુર પાસેથી પસાર થતી નર્મદા




કેનાલમાં બે દીકરીઓને તેડીને તેની માતાએ પડતું મૂકી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે કેનાલ પર તૈનાત સિક્યુરિટી ગાર્ડ અને તેના પર ધ્યાન પડી જતાં તે દોડીને તેમને બચાવવા માટે કેનાલમાં કૂદી પડ્યો હતો. બંને દીકરીઓ ડૂબી જતાં મોતને ભેટી ગઈ હતી. જોકે ડુબી રહેલી માતાને બચાવી લેવામા સફળતા મળી હતી. માતાને બચાવીને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ડભોડા પોલીસે બંને દીકરીઓના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી હોસ્પિટલમાં દાખલ માતાના નિવેદન લેવા અને આપઘાત કરવા માટેના કારણ બહાર લાવવા માટે તજવીજ શરૂ કરી છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી મચી જવા પામી છે.

આજે બપોરના અરસામાં રાયપુર કેનાલમાં એક મહિલાએ

● અનુસંધાન પાના - ૭ પર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ડબલુ લઈને આવવાની જરૂર નથી... આપણે તો કોથળી ચાલુ જ રહેવાની... માઈકોન વધારી દીધા... કાયદાને તો માન આપવું જ પડે...**

## પાલજ-ચિલોડા રોડ પર ચાલુ બાઈકે ચેઈન સ્નેચિંગ

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર નજીક લેકાવાડા ગામમાં રહેતું દંપતિ અમદાવાદથી બાઈક પર પરત ઘર તરફ આવી રહ્યુ હતુ ત્યારે પાલજ ચિલોડા રોડ ઉપર ચેઈન સ્નેચરોએ તેમને ટાર્ગેટ બનાવ્યા હતા. બાઈકની પાછળ બેઠેલી મહિલાના ગળામાંથી દોરો ખેંચી બાઈક પર ડબલ સવારી આવેલા ગઠિયાઓ રફુચક્કર થઈ ગયા હતા. મહિલાની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

લેકાવાડા ગામમાં રહેતા ખેડૂત મુકેશસિંહ લક્ષ્મણસિંહ પરમાર અને તેમની પત્ની ભારતીબેન બંને મળીને શુક્રવારે બપોરે અમદાવાદ કાલુપુર ખાતે તાડપત્રી ખરીદવા માટે ગયા હતા. અમદાવાદથી બંને ઘર તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે પાલજ પાટિયાથી ચિલોડા રોડ ઉપર તેમનું બાઈક પહોંચ્યું તે અરસામાં પાછળથી એક બાઈક પર ડબલ સવારી નીકળેલા ગઠીયા તેમને નજીક આવી ગયા હતા. બાઈક પાછળ બેઠેલા ભારતીબેનને ટાર્ગેટ કરી તેમના ગળામાં પહેરેલો અઢી તોલા વજનનો સોનાનો દોરો આંચકી લઈ બંને શખ્સો ફરાર થઈ ગયા હતા. આ મામલે ભારતીબેનની ફરિયાદને આધારે ચિલોડા પોલીસ મથકના પી.એસ.આઈ ટી.આર. રાઠવા એ ગુનો દાખલ કરીને ચેઈન સ્નેચરોને પકડવા તજવીજ શરૂ કરી છે.

### દોરો તોડીને ભાગેલા ગઠીયાઓનું બાઈક રિક્ષા પાછળ ઘૂસી ગયું

શુક્રવારે સાંજે બનેલી ચેઈન સ્નેચીંગના ઘટના બાદ ગઠિયાઓ હાથમાં આવી જાય તેવી સ્થિતિ હતી. દોરો તોડીને ભાગી રહેલા ગઠિયાઓને થોડે જ આગળ જઈને અકસ્માત નડયો હતો. બે ગઠિયાઓ પૈકી જે બાઈક ચલાવી રહ્યો હતો તેને બાઈક પરનો કાબુ ગુમાવી દેતા આગળ જઈ રહેલી રિક્ષાની પાછળ પોતાનું બાઈક ઘુસાડી દીધું હતું.

## ૨૦૧૯ લોકસભામાં ૪,૫૦૦ કરોડના ચૂંટણી ખર્ચ સહિત કુલ ૪૦,૦૦૦ કરોડ ખર્ચ થવાની ધારણા

ભાજપમાં વિધાનસભાની ચૂંટણીની જેમ લોકસભાની ચૂંટણીમાં પણ અસહ્ય ખર્ચ થાય છે. આ ખર્ચના આંકડામાં પ્રત્યેક પાંચ વર્ષમાં બમણો વધારો થતો જાય છે. ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી ૭મી એપ્રિલ થી ૧૨ મી મે સુધીના નવ તબક્કામાં યોજવામાં આવી હતી. ૫૪૩ ઉમેદવારો માટે યોજાયેલી આ ચૂંટણીમાં એક અંદાજ પ્રમાણે ૩૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો જે ૨૦૧૯માં વધીને ૪૫૦૦ કરોડ થવાની ધારણા છે. ચૂંટણી ખર્ચના આ આંકડામાં સલામતી દળો અને રાજકીય પક્ષોના ઉમેદવારોના વ્યક્તિગત ખર્ચનો સમાવેશ થતો નથી. જો તે ખર્ચને ગણીએ તો ચૂંટણી પ્રક્રિયાનો કુલ ખર્ચ ૪૦ હજાર કરોડ રૂપિયા કરતાં વધી શકે છે. સેન્ટર ફોર મિડીયા સ્ટડીઝના આંકડા પ્રમાણે ૨૦૧૪માં રાજકીય પાર્ટીઓ તેમજ તેમના ઉમેદવારોએ ૩૦,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો હતો જે ૨૦૦૯ની ચૂંટણીની સરખામણીએ ત્રણ ગણો વધારે છે. ૨૦૧૨ની અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીના ખર્ચના આંકડાની સરખામણીએ વિશ્વમાં બીજાક્રમનો ખર્ચ છે. ૨૦૧૪ની ચૂંટણીમાં કુલ ૮૧.૪૫ કરોડ મતદારો

### લોકસભામાં એક તબક્કે કોંગ્રેસનો સુવર્ણકાળ હતો, આજે ભાજપનો ચાલી રહ્યો છે

### ભાજપના ૨૬ પૈકી ક્યા સાંસદને ટીકીટ મળશે અને ક્યા સાંસદનું પત્તુ કપાશે જુઓ

હતા જે વધીને ૨૦૧૮માં ૮૬.૬૯ કરોડ મતદારો થયા છે અને ૨૦૧૯ સુધીમાં તે આંકડો વધીને ૯૦ કરોડ થાય તેવી ભારતના ચૂંટણી પંચની ધારણા છે.

**બ્રિટીશ ઇન્ડિયાની પહેલી ચૂંટણી ૧૯૨૦માં...**

બ્રિટીશ ઈન્ડિયામાં પહેલું જનરલ ઈલેક્શન ૧૯૨૦માં થયું હતું તેને ઈમ્પિરિયલ લેજીસ્લેટીવ કાઉન્સિલ એવું નામ આપવામાં આવ્યું હતું. ૧૦૪ બેઠકો હતી જેમાં ૪૮ બેઠકો ડેમોક્રેટીક પાર્ટીને, ૪૭ અન્ય પાર્ટી અને ૯ યુરોપિયન્સ હતા. આઝાદી પછી પ્રથમ લોકસભાની ચૂંટણી ૧૯૫૧માં થઈ હતી. ભારતીય કોંગ્રેસને આ ચૂંટણીમાં ૩૬૪ અને સીપીઆઈને ૧૬ બેઠકો મળી હતી. કોંગ્રેસના લિડર જવાહરલાલ નહેરૂ હતા અને સીપીઆઈના લિડર શ્રીપદ અમ્રિત ડાંગે હતા. ૪૮૯ બેઠકો માટે યોજાયેલી આ ચૂંટણીમાં ૨૫ ઈન્ડિયન સ્ટેટ હતા. જો કે આ લોકસભાનું ડ્યુરેશન ૨૫મી ઓક્ટોબર ૧૯૫૧ થી ૨૧મી ફેબ્રુઆરી ૧૯૫૨ સુધી રહ્યું હતું. ત્યારબાદ ૧૯૫૭માં લોકસભાની બીજી ચૂંટણી યોજાઈ હતી. કોંગ્રેસને એ સમયે ૪૯૪ બેઠકો પૈકી ૩૭૧ બેઠકો મળી હતી જ્યારે સીપીઆઈના ફાળે ૨૭ બેઠકો આવી હતી. આ વખતે પ્રજા સોસાલિસ્ટ પાર્ટીને ૧૯ બેઠકો મળી હતી. કુલ ૪૧ અપક્ષો ચૂંટાયા હતા. આ સમયમાં ભાજપનું નામોનિશાન ન હતું. કોંગ્રેસનો આ સુવર્ણકાળ શરૂ થયો હતો.

**ચિંતન શિબિરના આદેશોનો અમલ થવો જોઇએ...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક સંદેશ આપ્યો છે કે કર્મચારીઓ અને અધિકારીઓએ સરકારી જીઆરનો હાર્દ સમજીને લોકોના કામોને ઝડપથી પૂર્ણ કરવા જોઈએ. એનો મતલબ એ થયો કે કર્મચારીઓ અને અધિકારીઓ સરકારી જીઆરને ઉપરવટ જઈને નિર્ણયો લેતાં હોય છે પરિણામે લોકોના કામોમાં અક્ષમ્ય વિલંબ થાય છે. ચિંતન શિબિરમાં મુખ્યમંત્રીએ આપેલી આ સૂચનાનું પાલન થાય તે જોવાની જવાબદારી મંત્રીઓ અને અધિકારીઓની બને છે. ખાસ કરીને સરકારી યોજનાઓ, અરજદારો કે જેઓ જીઆરને અનુરૂપ અરજી કરતા હોય છે તેમને રાહત મળે તે જરૂરી છે. એક સર્વે છે કે ભાજપ શાસિત રાજ્યોમાં ઉદ્યોગોની પ્રપ્રોઝલને સૌથી ઝડપી મંજૂરી છત્તીસગઢ રાજ્યમાં મળે છે. આ રાજ્ય પછી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને હરિયાણાનો નંબર આવે છે. ભાજપ શાસિત રાજ્યો પૈકી સિંગલ વિન્ડો ક્લિયરન્સ અપનાવ્યા પછી પણ ગુજરાતનો ક્રમ છેલ્લો આવે છે. ગુજરાતમાં એમઓયુ કરીને ઉદ્યોગગૃહો ગુજરાત બહાર ચાલ્યા જાય છે તેનું આ એક સૌથી મોટું કારણ છે. આજે નવા ઉદ્યોગ માટે સરકારી જમીન મેળવવી એ લોટરી લાગ્યા બરાબર છે, કારણ કે સરકારી જમીન લેવા જતાં ઉદ્યોગજૂથને ઓછામાં ઓછા ત્રણ વર્ષનો સમય નિકળી જાય છે. પ્રાઈવેટ લેન્ડ હોય તો પણ સરકારી મંજૂરીઓમાં વાંધા-વચકા એ સૌથી મોટો પડકાર છે. સેક્શન ઓફિસર પણ ઉદ્યોગજૂથની ફાઈલ બગાડી શકે છે.

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

**ભૂપેન્દ્રસિંહજી, એકવાર ફિનલેન્ડ જઇ આવો...**

ગુજરાતમાં કંઈ નવું કરવાની ભાજપની શક્તિ છે ત્યારે આપણા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ એક વખત ફિનલેન્ડની મુલાકાત લેવી જોઈએ. ગુજરાત કરતાં અડધી વસતી ધરાવતો આ દેશ વિશ્વના દેશો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે, કેમ કે આ દેશમાં વિદ્યાર્થીને રજા પાડવાની ઈચ્છા થતી નથી. ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવે છે. તમામ ક્ષેત્રોમાં આ દેશ સૌથી આગળ છે. ફિનલેન્ડની માથાદીઠ આવક ૪૮૦૦૦ ડોલર જેટલી છે. આ દેશમાં સાત વર્ષે શાળામાં પ્રવેશ મળે છે અને ૧૬ વર્ષ સુધી અભ્યાસ કરવાનો રહે છે. નવમા ધોરણના અંતે તેનું માધ્યમિક શિક્ષણ પૂર્ણ થાય છે. નવ વર્ષમાં માત્ર બે વખત પાંચમા તેમજ નવમા ધોરણમાં જ પરીક્ષા લેવાય છે, ત્યારબાદ એક પરીક્ષા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં આવે છે. ૪૫ મિનિટના એક પિરીયડ પછી ૧૫ મિનિટની રીસેસ રાખવામાં આવે છે. શાળાની શરૂઆત સવારે ૮ થી ૧૧ની હોય છે. વિદ્યાર્થીઓને સાત્વિક ભોજન શાળા તરફથી મળે છે. યુનિફોર્મ તો નિષેધ છે. ટીવી અને ગેજેટ્સથી અભ્યાસ થાય છે. કોર્સ પૂર્ણ કરવાને પ્રાધાન્ય નહીં પણ બાળક શું સમજે છે તેની પર ધ્યાન અપાય છે. આ સ્કૂલોમાં શિક્ષક બનવું ઈજનેર અને ડોક્ટરી જેટલું અઘરૂં હોય છે, કારણ કે શિક્ષકનો શરૂઆતનો પગાર ૫૦ હજાર ડોલર છે. ગુજરાત અલગથી આવું મોડલ બનાવી શકે છે. તમામ ચીજો નહીં તો શિક્ષણની કેટલીક બાબતો આપણે સ્વિકારી શકીએ છીએ.

**મોદી માટે ૨૦૧૯માં પડકાર છે અને નથી...**

૨૦૧૯માં આવી રહેલી દેશની સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાન મોદી માટે પડકાર છે અને નથી. જો મહાગઠબંધન સફળ થાય તો પડકાર છે અને વિખરાઈ જાય તો પડકાર નથી. પેટાચૂંટણીઓમાં વિપક્ષોનું હલ્લાબોલ સફળ થશે કે તેમ તે શંકા ઉપડાવે છે, કારણ કે ભાજપ અને કોંગ્રેસ સિવાયના પક્ષો એક થઈ શકે છે પરંતુ તેઓ વડાપ્રધાન તરીકેના કેન્ડિડેટ તરીકે રાહુલ ગાંધીને સ્વિકારવા તૈયાર નથી. વિપક્ષી એકતાના ચાણક્ય શરદ યાદવ, મમતા બેનરજી, માયાવતી, અખિલેશ યાદવ, શરદ પવાર અને ચંન્દ્રાબાબુ નાયડુ છે. આ તમામ પાર્ટીઓ કોંગ્રેસનો સપોર્ટ માગી રહી છે પરંતુ સત્તાની કમાન કોંગ્રેસને સોંપવા માટે તૈયાર નથી. વિપક્ષોનું આ વાવાઝોડું મોદીને હીટ કરે છે કે વિખરાઈ જાય છે તે ડિસેમ્બરના અંતે ખબર પડી શકે છે, કારણ કે આ સમયે લોકસભાની ચૂંટણીની તૈયારી શરૂ કરી દેવામાં આવશે. એનડીએની સ્થાપના અટલ બિહારી વાજપેયીએ ૧૯૯૮માં કરી હતી. હાલ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએમાં કુલ નાની મોટી મળીને ૪૭ પાર્ટીઓ છે જે પૈકી એકમાત્ર શિવસેના મોટી પાર્ટી છે જેના કુલ ૧૮ સભ્યો છે. બાકીની પાર્ટીઓ તો માત્ર નામની જ છે. કોંગ્રેસ પ્રેરિત યુપીએ તો ૨૦૧૪ની ચૂંટણી પછી નામશેષ થયેલું છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ હાલ સંપર્ક સે સમર્થન તક ની યાત્રાએ છે ત્યારે તેઓ એનડીએના ગઢને મજબૂત કરવામાં લાગ્યા છે અને તેઓ શિવસેનાને બાકાત કરતાં મોટી પાર્ટીની શોધમાં છે કારણ કે શિવસેનાનું ૨૦૧૯માં એનડીએ સાથે જોડાવાનું કોઈ ઠેકાણું હમણાં તો દેખાતું નથી.

**સાવધાન... ટેકનોલોજી બદલાઇ રહી છે...**

કોઈપણ ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુ ખરીદતાં પહેલાં તકેદારી રાખવાનો સમય આવી ગયો છે. ખાસ કરીને ટીવી અને મોબાઈલમાં ટેક્નોલોજીમાં છ મહિને નવો ચેન્જ આવે છે અને કંપનીઓ તેના ગ્રાહકોને અપગ્રેડ કરવા લલચાવે છે. મોબાઈલ ફોન અને ટીવીમાં કંપનીઓની મોનોપોલી તૂટી રહી છે. ગ્રાહકોને સસ્તા ભાવમાં ઉચ્ચ ટેકનોલોજી મળી રહી છે. હાલ કેબલ ટીવીમાં ગ્રાહકો મહિને ૩૦૦ થી ૫૦૦ રૂપિયા ચૂકવી રહ્યાં છે ત્યારે ભારત સરકારનું ટેલિકોમ મંત્રાલય સસ્તી કિંમતે ઈન્ટરનેટ સેવા આપવાની ફિરાકમાં છે. દેશના ૧૦ કરોડ પરિવારોને ઘરમાં અત્યંત સસ્તી ઈન્ટરનેટ સેવા આપીને બજાર સર કરવા કેન્દ્ર સરકાર મથી રહી છે. દેશમાં ૯૩ ટકા લોકો ઈન્ટરનેટ વાયરલેસ એટલે કે વાઈફાઈનો ઉપયોગ કરે છે જ્યારે માત્ર ૭ ટકા લોકો બ્રોડબેન્ડના સહારે છે. ટેલિકોમ મંત્રાલય બે મહિનામાં કેબલ ટીવી લાઈન મારફતે ૧૦ કરોડથી વધારે પરિવારોને ઈન્ટરનેટ સુવિધા આપવા માગે છે. આ સર્વિસના કારણે કેબલ પાથરવામાં થતો ખર્ચ, બ્રોડબેન્ડ સ્થાપના તેમજ ઓપરેટીંગનો ખર્ચ બચી જશે અને તેનો સીધો ફાયદો ગ્રાહકોને થશે. આશ્ચર્યની બાબત એવી છે કે કોઈપણ વધારાની વ્યવસ્થા વિના આ પરિવારો ઈન્ટરનેટના માધ્યમથી ટીવીની ચેનલો સાથે જોડાઈ જશે. ટીવીમાં ચેનલોની કિંમતની દુનિયામાં આ સૌથી મોટો ખળભળાટ હશે.

**મોદીના અધુરાં પ્રોજેક્ટ્સ ફાસ્ટટ્રેક પર આવશે...**

તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં જે નવી યોજનાઓ શરૂ કરી હતી તેને પૂર્ણ કરવાની જવાબદારી હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણીને સોંપવામાં આવી છે. તેમણે ૨૦૧૯ સુધીમાં પહેલાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું કામ પૂર્ણ કરી કલ્પસર યોજનાનું કામ હાથ પર લેવાનું છે. એ પછી અમદાવાદની મેટ્રોને ગાંધીનગર સુધી લંબાવવાનું તેમજ ગાંધીનગરના રેલ્વેસ્ટેશન અને ફાઈવસ્ટાર હોટલને પૂર્ણ કરવામાં સહયોગ આપવાનો છે. પંચામૃત ભવન બનાવવાનું કામ પણ થોડાં સમય પછી તેઓ હાથ પર લઈ શકે છે. આ યોજનાને તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે રદબાતલ ઠેરવી હતી. મોદીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિરને પ્રેરણા અને સચિવાલય તેમજ વિધાનસભાને પુરૂષાર્થ અને પંચામૃત ભવનને પરિણામ સમાન ગણ્યું હતું. આ ત્રિકોણનો એક ખૂણો પૂરવાનો બાકી છે. રૂપાણીએ દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરનું કામ પણ ઝડપથી

### પાર્ટીઓ ભેગી થઇને ગઠબંધન બનાવે તો પણ રાહુલને *PM* કેન્ડિડેટ થવા નહીં દે

પૂર્ણ કરવાનું છે અને ગિફ્ટ તેમજ ધોલેરા સ્માર્ટ સિટીનો વિકાસ પણ કરવાનો છે. કામ ઘણાં છે પરંતુ સરકાર પાસે સમય ઓછો છે તેથી આ તમામ પ્રોજેક્ટ્સ ફાસ્ટટ્રેક પર મૂકાય તો નવાઈ નહીં.

**લોકસભામાં કોણ રિપીટ થશે અને કોણ જશે...**

ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પૈકી ક્યા વર્તમાન સંસદસભ્યને ટીકીટ મળશે અને કોણ કપાશે તેની ચર્ચા સચિવાલય તેમજ પાર્ટી ઓફિસમાં થવા લાગી છે. સંસદસભ્ય લાલકૃષ્ણ અડવાણીની ગાંધીનગરની બેઠક જોખમી છે. દાહોદની બેઠક પરથી જસવંતસિંહ ભાભોર નિશ્ચિત છે. વડોદરામાં રંજનભટ્ટનું પત્તુ કપાય તેવી સંભાવના છે. હરિભાઈ ચૌધરીની બનાસકાંઠા અને સાબરકાંઠાના દિપસિંહ રાઠોડની બેઠક સેફ છે. દેવુસિંહ ચૌહાણની ખેડા બેઠક સેફ છે પરંતુ પ્રભાતસિંહ ચૌહાણની પંચમહાલ બેઠક ખતરામાં છે. વિનોદ ચાવડાની કચ્છ બેઠક તેમજ રાજેશ ચુડાસમાની જૂનાગઢ બેઠક ખતરામાં છે. દેવજી ફતેપરાનું પત્તુ સુરેન્દ્રનગરમાંથી કપાય તેવી ઉજળી સંભાવના છે. પાટણમાંથી લીલાધર વાઘેલાને તેમજ મહેસાણામાંથી જયશ્રી પટેલને ટીકીટ મળવાના ઓછા ચાન્સ છે. અમદાવાદ પશ્ચિમના કિરીટ સોલંકીની બાદબાકી થાય તેમ છે જ્યારે અમદાવાદ પૂર્વના સાંસદ પરેશ રાવલની ટીકીટ કન્ફર્મ છે. રાજકોટના મોહન કુંડારિયા ફીટ છે તો પોરબંદરના વિઠ્ઠલ રાદડિયા અનફિટ છે. જામનગરના પુનમ માડમ, ભરૂચના મનસુખ વસાવા, નવસારીના સી.આર.પાટીલ અને વલસાડના કે.સી.પટેલ ફીટ છે, તો ભાવનગરના ભારતીબેન શિયાળ અને છોટાઉદેપુરના રામસિંહ રાઠવા અનફીટ છે. બારડોલીના પરભુભાઈ વસાવા, સુરતના દર્શના જરદોશ, આણંદના દિલીપ પટેલ તેમજ અમરેલીના નારણ કાછડિયાના ૫૦ ટકા ચાન્સ છે.